**મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામે એઆઈસીઆરપી ઓન રાઈસમાં સંશોધનની ઉતકૃષ્ઠ કામગીરી માટે બેસ્ટ એક્રિપ સેન્ટર (દ્રિતીય)નો એવોર્ડ પ્રાપ્ત કર્યો**

---

ઓલ ઇન્ડીયા કોઓર્ડિનેટેડ રીસર્ચ પ્રોજેક્ટ ઓન રાઈસ (AICRPR)ની ૫૯મી એન્યુઅલ ગ્રુપ મીટીંગ તા. ૨૪ થી ૨૬ એપ્રિલ, ૨૦૨૪નાં રોજ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) હેઠળ કાર્યરત ઈન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ રાઈસ રીસર્ચ, હૈદરાબાદ દ્વારા ICAR-IARI, નવી દિલ્હી ખાતે યોજવામાં આવેલ હતી. જેમાં સમગ્ર ભારતમાંથી AICRPRનાં કુલ-૪૫ કેન્દ્રો, ૧૦૦ વોલન્ટરી કેન્દ્રો તથા આંતર રાષ્ટ્રીય ચોખા અનુસંધાન સંસ્થા(IRRI), ફિલીપાઈન્સનાં વૈજ્ઞાનિકશ્રીઓએ ભાગ લીધો હતો.

આ ગ્રુપ મીટીંગમાં દર વર્ષે ઓલ ઇન્ડીયા લેવલના સંશોધન કેન્દ્રોનું વર્ષ દરમ્યાન અખતરાઓ અને ડાંગરને લગતા સંશોધનને આધારે મુલ્યાંકન કરી ઉતકૃષ્ઠ કામગીરી માટે બેસ્ટ એક્રિપ સેન્ટરનો એવોર્ડ આપી સન્માન કરવામાં આવતું હોય છે. જે મુજબ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીનાં મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નવાગામને સમગ્ર કેન્દ્રો પૈકી દ્રિતીય નંબરનાં સર્વશ્રેષ્ઠ સેન્ટર (બેસ્ટ એક્રિપ સેન્ટર) તરીકે એવોર્ડ એનાયત કરી કેન્દ્રના વૈજ્ઞાનિકોનું સન્માન કરવામાં આવેલ હતું.

સદર એવોર્ડ  માન. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (ક્રોપ સાયન્સ), નવી દિલ્હી, ડૉ. ટી.આર.શર્માનાં વરદ હસ્તે એનાયત કરવામાં આવેલ હતો. આ એવોર્ડ અત્રેના કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) અને વડા ડૉ.એમ.બી.પરમાર, સહ સંશોધન વૈજ્ઞાનિક(પેથો.), ડૉ. આર.કે.ગંગવાર અને મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(કીટક), શ્રી. એસ.એસ.થોરાત દ્વારા સ્વીકારવામાં આવેલ હતો. જેમાં નિયામકશ્રી, ICAR-IARI, નવી દિલ્હી, ડૉ. એ.કે.સિંગ, એ.ડી.જી., (એફ.એફ.સી.), નવી દિલ્હી, ડૉ. એસ.કે.પ્રધાન, નિયામકશ્રી, ICAR-IIRR, હૈદરાબાદ, ડૉ. આર.એમ.સુંદરમ અને નિયામકશ્રી, ICAR-NRRI, કટક, ડૉ. એ.કે.નાયક ઉપસ્થિત રહેલ હતા.

આણંદ કૃષિ યુનિવર્સિટીનાં માન. કુલપતિશ્રી, ડૉ. કે.બી.કથીરીયા અને માન. સંશોધન નિયામકશ્રી, ડૉ. એમ.કે.ઝાલાએ મુખ્ય ચોખા સંશોધન કેન્દ્રનાં વૈજ્ઞાનિકોને આ સિદ્ધિ પ્રાપ્ત થવા બદલ અભિનંદન આપ્યા હતા.

**સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.**






# All India Coordinated Research Project on Rice

अखिल भारतीय समन्वित अनुसंधान परियोजना : चावल

## ICAR-Indian Institute of Rice Research

भाकृअनुप-भारतीय चावल अनुसंधान संस्थान

Rajendranagar, Hyderabad

**Best AICRPR Center**

**(Overall Second)**

AAU - Main Rice Research Station, Nawagam

*For its Performance in Conduct of All India Coordinated Trials and Rice Research Activities during*

2023-24

25th April, 2024
ICAR-IARI, New Delhi

Dr R M Sundaram
Director, ICAR-IIRR
Project Coordinator, AICRPR